ક્રિમીનલ કેસ નંબર – ૧૧૩૯૧૦ સને ૨૦૨૩

ફરીયાદી – શ્રી સરકાર
મુળ ફરીયાદી – કિર્તીબેન પ્રશાંતભાઇ સુધાકરભાઇ ભાનસે
વિરુદ્દ્ધ
આરોપી – ધનેશ્વરપ્રસાદ ઉર્ફે લંબુ જયદેવ અંકલેશ્વર વર્મા

**<u>આંક-૧ લગત હુકમ</u>**

આ કામના આરોપી વિરુદ્દ્ધ ઈ.પી.કો.કલમ –**૩૭૯** માં જણાવ્યા મુજબની શિક્ષાપાત્ર ગુનાનો આરોપ છે. આ કામે ફરીયાદીએ હાજર થઇ આંક - ૮ ની પુરશીસ આપેલ છે જે વંચાણે લીધી. આમ મુળ ફરીયાદી/ભોગ બનનાર તરફથી પુરશીશ રજુ કરી તેઓ સદર કેસ આગળ ચલાવવા માંગતા નથી અને ગુનાની માંડવાળ કરીએ છીએ તેવું જાહેર કરેલ છે.

ક્રિ.પ્રો.કોડની કલમ - ૩૨૦ (૧) મુજબ સદર ગુનાના કામે જે વ્યક્તીની મિલકત ચોરાયેલ હોય તે વ્યક્તી ગુનાની માંડવાળ કરી શકે છે. અને તે મુજબ પુરશીશ કામે દાખલ કરી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

આજ રોજ સદરહુ સમાધાન સ્વીકારી ક્રિ.પ્રો.કોડની કલમ - ૩૨૦(૧) સાથે વાંચતા કલમ - ૩૨૦(૮) અન્વયે આ કામના આરોપીને તેમના સામેના આરોપ માંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ બાબતે અગાઉ કોઇ હુકમ કરવામાં આવેલ હોય તો તે આથી કાયમ કરવામાં આવે છે અને જો કોઇ હુકમ કરવામાં આવેલ ન હોય તો તેના માલીકીની ખરાઇ કરી માલીકને પરત સોપવાનો હુકમ કરવામાં આવે છે. આરોપીના ખત તથા જામીનખત રદ કરવા.

હુકમની જાણ સંબધીત પોલીસ સ્ટેશને કરવી

હુકમ આજ રોજ તારીખ ૧૪ સપ્ટેમ્બર, સને ૨૦૨૪ ના રોજ નેશનલ લોક અદાલતમાં જાહેર કર્યો.

તા. ૧૪ / ૦૯ /૨૦૨૪
સુરત.

(કે. એ. મારવાહા)
ચોથાં અધિક સિવિલ જજ અને
ન્યાયિક મેજિસ્ટ્રેટ પ્રથમ વર્ગ, સુરત
કોડ નં. જીજે–૦૧૫૫૮